# અંતરમેળ

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, મુંબઈ

જાન્યુઆરી - એપ્રિલ ૨૦૧૨ વર્ષ ૫ અંક ૧ પૃષ્ઠ ૮ રૂા. ૨/-



## જ્યાં વિભાજન હોય છે ત્યાં ભ્રષ્ટાચાર હોયજ

**આ**પણે કહીએ છીએ કે અત્યંતપણે પ્રામાણિક હોવું એ કેટલું મહત્ત્વનું છે, કોઇ કલ્પના કે કોઇ વર્તનની પધ્ધતિની સાથે પ્રામાણિક હોવું એવું નહીં, પરંતુ વસ્તુસ્થિતિની સામે આપણે જ્યારે જઇએ છીએ, ત્યારે જે પ્રમાણિકતા અને એકાત્મકતા હોવી જોઇએ તે એવી એકાત્મકતા અને પ્રમાણિકતા અતિશય મહત્ત્વની છે. કારણકે આપણી વર્તણુક, આપણુ નૈતિક આચારણ, પ્રેમ, મૃત્યુ અને આપણે જેને ધ્યાન કહીએ છીએ એવી વિશિષ્ટ બાબતો. એ માટે આપણે ઘણી ગહનતાપૂર્વક ચિંતન કરી રહ્યા છીએ ત્યારે કોઇપણ પ્રકારના ભ્રમ સિવાય કોઇપણ પ્રકારની છેતરપિંડી વગર આ બાબતો ને સમજવા માટે, જે છે તેને તેવું જ જોવા માટે મન ચોક્કસપણે પ્રામાણિક અને મક્કમ હોવું જોઇએ.

આજે ભ્રષ્ટાચાર એ આપણી જીવનપધ્ધતિ બની ગઇ છે. ભ્રષ્ટાચાર શબ્દનો પ્રયોગ હું એ અર્થમાં કરું છું જ્યારે મન વિભિન્ન વિભાજનમાં કાર્ય કરે છે, રાજકીય પ્રવૃત્તિ, ધાર્મિક, પ્રવૃત્તિથી અલગ, કૌટુંબિક પ્રવૃતિથી અલગ કે પછી કલાકાર એક વેપારી માણસથી અલગ હોય. જ્યારે આવું જુદું જુદું વિભાજન હોય છે. ત્યારે આવા વિભાજનમાં ભ્રષ્ટાચાર હોય જ. હું ભ્રષ્ટાચાર શબ્દનો ઉપયોગ એના અર્થ પ્રમાણે કરું છું. એનો અર્થ ટુકડા કરવું એવો છે. અને મન જ્યારે જુદી જુદી અવસ્થામાં રહેતું હોય, વિચારના જુદા જુદા માળખા પ્રમાણે પ્રક્રિયા કરતું હોય, જુદી જુદી કલ્પના પ્રમાણે કાર્ય કરતું હોય ત્યારે ત્યાં ચોક્કસ ભ્રષ્ટાચાર હોય છે. જ્યારે મન અખંડપણે એકાત્મક બનીને કાર્ય કરતું હોય ત્યારે ભ્રષ્ટાચારનો અંત થાય છે.

આપણે ગઇકાલે બપોરે એ કહેતા હતા કે જગત જેવું છે તેને તેવું જ જોવું, જગત વિશેની કોઇ અવાસ્તવિક કલ્પના પ્રમાણે નહીં, પણ પ્રતિદિન જીવાતું આપણું દૈનિક જગત, આપણા રોજ રોજના સંબંધોને નિરખવા, જ્યાં ઘણું દુઃખ છે, ઘણી ગૂંચવણ અને વિક્ષિપ્તતા છે, કદીક આનંદની ક્ષણનો અનુભવ. સમાજની આ અવસ્થાને સુધારવા નિતાંત એવી જરૂર છે. અને.. (પક્ષીનું ગીત...) સુંદર પક્ષી છે. હું આશા રાખું છું કે તમે સૌ કોઇ એ તે પક્ષીનું ગીત સાંભળ્યું હશે. અને જ્યારે સમાજ સુધારક પોતે જ ભ્રષ્ટ હોય ત્યારે ભ્રષ્ટાચાર શબ્દનો એવા અર્થમાં પ્રયોગ કરું છું કે ત્યારે સમાજ પણ ભ્રષ્ટ હોય છે, અને આપણું સાંપ્રત રાજકીય જગત, આર્થિક, સામાજિક, કલાજગત ભ્રષ્ટ છે કારણકે તે મનુષ્યનું સંપૂર્ણ ઘડતર સ્વભાવ, ગુણધર્મને ધ્યાનમાં લેતા નથી. અને આપણને સંપૂર્ણ માનવી મન સાથે સંબંધ છે. પરંતુ તેના વિભાજીત ભાગ સાથે જો તમને સંબંધ હોય તો પછી તે વિભાજીત અંશ કંઇ પણ હોય અને ફક્ત તે અંશની જ ચિંતા હોય તો ત્યાં ભાગલા અને ઘર્ષણ હોવાના જ. આથી ત્યાં ફસામણી હોય છે. અને તે સ્વયંમાં ભ્રષ્ટ છે. બરોબર? ફરીથી આપણને 'જે છે' તેની સાથે સંબંધ છે, જે હોવું જોઇએ તેની સાથે નહીં અથવા શું હોવું જોઇએ સાથે નહીં. કે પછી જે છે એના પરિવર્તન સાથે આસ્થા નથી. આપણને હકીકતમાં જે વસ્તુસ્થિતિ છે તેની સાથે આસ્થા છે.

મદ્રાસ ૧૯૭૨, ભાષણ ૨

## તમારે મન ભ્રષ્ટાચાર ટકી રહેવો જોઇએ

**અ**હીં કેટલીક સમસ્યા છે. પ્રથમ બાબત એક કે આપણી પાસે મુક્તતા, સ્વતંત્રતા નથી. એ મુક્તતા પ્રાપ્ત કરવા માટે તમારે કષ્ટ કરવું પડે અને ફક્ત તેવી મુક્તતામાં જ તમે સત્ય શું છે તે શોધી શકો. કોઇપણ પ્રકારના રાજકીય માળખા પ્રમાણે પ્રાપ્ત કરી શકાય નહીં. ભલે તે સામ્યવાદ, સમાજવાદી કે ઇતર કોઇ વાદ હોય. સરકારી તંત્ર તમારી સમસ્યા છોડવી શકે નહીં, કે વિજ્ઞાન પણ આ સમસ્યામાંથી મુક્તિ આપી શકે નહીં. તમે ચંદ્ર ઉપર જાઓ કે પછી પૃથ્વીના પેટાળમાં જાઓ. પરંતુ માનવી મન જેવું છે તેવું જ રહેશે, કયાંક પરિસ્થિતિ પ્રમાણે બંધ બેસતું થાય કે થોડો ઘણો ફેરફાર ભ્રષ્ટતાના ઉપર ઉપરના સ્તરે, કરે પણ ભ્રષ્ટાચાર ચાલુ જ રહે છે. કોઇપણ પ્રકારની સામાજિક સુધારણા એ માનવીની સ્વતંત્રતાનો નિષેધ છે, કારણકે તે સામાજિક ભ્રષ્ટાચારને જીવંત રાખે છે. કદાચિત તમે આ બધું જાણતા હશો, એ માટે કદાચિત કંઇક અંશે વિચાર સુધ્ધા કર્યો હશે. પરંતુ તેમાંથી કોઇ માર્ગ તમને મળ્યો ન હશે.

તેથી આપણે એ શોધી કાઢવા માટે જઇ રહ્યા છે કે કોઇ માર્ગ છે ખરો, આ અંધાધૂંધી અને ભ્રષ્ટાચાર, અત્યંત સડેલી પરિસ્થિતિમાંથી બહાર નિકળવા. આ માટે આપણે દેવ તરફ, ધાર્મિક આધિપત્ય તરફ આપણે વળ્યા, કે જે આપણને આમાંથી બહાર પડવાનો માર્ગ બતાવે જે અનેક સૈકાઓથી ચાલી રહી છે. પ્રાર્થના દ્વારા, પૂજા અર્ચના દ્વારા ગુરુની સંતની આજ્ઞાનું પાલન અને પૂજા કરતા આંધળા બની કે સભાનતાપૂર્વક તેઓનું અનુશરણ કરી રહ્યા છે. આ અંધાધૂંધીમાંથી બહાર પડવા અનેક માર્ગ અજમાવ્યા કે જે મનુષ્યે જ સર્જેલા છે, જે તમે અને હું એ સર્જેલા છે. જે આપણા જ કાર્યનું પરિણામ છે.

સમાજ એટલે પરસ્પર સંબંધ, આપણ એકબીજા સાથેના સંબંધનું પરિણામ અને વાતાવરણે આપણે ઘડયા છે, અને આપણે વાતાવરણનું સર્જન કરીએ છીએ. આ બધું નિરખતા એવું લાગે છે મનુષ્યે શું કરવું જોઇએ. કોઇપણ છટકબારી નથી, કોઇ પણ બાહ્ય તત્વ

## સંપાદકીય

**સ**માજમાં ભડકતા ભ્રષ્ટાચારના અગ્નિને જોઇને આપણે હતબુધ્ધ બની જઇએ છીએ. અનેક પ્રકારે આપણે એટલે કે સમાજ, તે ભ્રષ્ટાચારના આ અગ્નિને બુઝાવવા માગે છે અને પ્રયત્ન કરે છે પણ આપણને એ વાતની સભાનતા નથી કે ભ્રષ્ટાચારનું મૂળ ક્યાં છે. ને કેવી રીતે એ ઉદ્‌ભવે છે. આપણને સત્યની ચાહના છે એવું માનનારા આપણે જડમૂળથી આ ભ્રષ્ટાચાર ને કેવી રીતે અટકાવવો એનો વિચાર કરીએ છીએ. તેને બુઝાવવાનો પ્રયત્ન કરીએ છીએ. પરંતુ ભ્રષ્ટાચારના આ અગ્નિને ઈંધણ અને ચિનગારી ક્યાંથી મળે છે? આપણે ઉપર ઉપરની જવાળાને હોલવવા પ્રયત્ન કરીએ છીએ પણ જ્યાં આગળ આ અગ્નિનું મૂળ સ્થાન છે તે તરફ આપણું ધ્યાન કદી પણ ગયું નથી.

ભ્રષ્ટાચાર અનાદિકાળથી ચાલ્યો આવે છે. પરંતુ અર્વાચીન તંત્રજ્ઞાન અને માહિતી પ્રસારણ માધ્યમના દૂરપયોગ દ્વારા અને તેની ઘોડાદોડ-કલ્પનાની બહાર થઇ ગઇ છે. સર્વ બાજુ સ્વાર્થના ધુમાડાથી ભરાઇ ગઇ છે. સ્વસ્થ મને શાંતિથી વિચાર કરવાની કૂવત ધીરે ધીરે હણાય રહી છે.

આ ભ્રષ્ટાચારને અંકુશ લેવા માટે પ્રયત્ન કરનારા લોકો પણ છે. તેમના પ્રયત્ન થકી ભ્રષ્ટાચાર પર અંકુશ લાવી શકશે એવું આપણને લાગે છે. પરંતુ તે માત્ર એક આભાસ જ છે. નિયમો, તપાસ, શિક્ષા, જેલવાસ આ બધા ઉપરછલ્લા ઉપાય છે. તે દ્વારા તાત્પુરતી રાહત થશે કે નહીં એ બદલ પણ શંકા જ છે.

તો પછી આગળ શું? હતાશ બનીને જોયા કરવું? કૃષ્ણમૂર્તિ કહે છે એનો ઉત્તર છે. તેનો ઉત્તર તમારાથી દૂર ક્યાંક બહાર નથી, તમારી અંદર જ છે. સ્વાર્થ એ ભ્રષ્ટાચારનું મૂળ છે. 'સ્વ' (હું) છે ત્યાં સ્વાર્થ છે. માનવી મનમાં સ્વનું અસ્તિત્વ એટલે હું નું અસ્તિત્વ. પરંતુ આ 'હું' (સ્વ) એક આભાસ છે ભ્રમ છે. અને તે આભાસ વિચારનું સર્જન છે. કૃષ્ણમૂર્તિ કહે છે કે 'હું' એ એક વિચાર છે. 'હું' અને વિચાર ભિન્ન નથી. આપણે ગમે તેટલું કહીએ કે 'હું' એક ભ્રમણા છે. પરંતુ આપણા દૈનિક જીવનની અંદર તેનું અસ્તિત્વ સ્થાન, સત્ય કરતા પણ અધિક પ્રબળ છે. આપણા જીવનને આકાર આપતી દોરવતી તે ઉર્જા છે. અનાદિકાળથી આત્મજ્ઞાન ને અનન્ય એવું મહત્ત્વ આપવમાં આવ્યું છે. પરંતુ તે આત્મજ્ઞાન વાદવિવાદને ચર્ચામાં અટવાય પડયું છે. કૃષ્ણમૂર્તિ-'' 'હું' પણ એક વિચાર જ છે.'' કૃષ્ણમૂર્તિનું આમ કહેવું તર્કબધ્ધ લાગે છે. ભ્રષ્ટાચારનું મૂળ 'હું' જ છું. એ પણ બુધ્ધિના સ્તરે સમજાય છે. પરંતુ આગળ શું? એ બાબતમાં તર્કવિતર્ક કર્યા વગર આપણી ત્રસ્ત ભૂમિકામાં આપણાને આપણી વર્તણુંકને કોઇ માર્ગદર્શન કરે છે? કોણ તેને પ્રેરિત કરે છે? તેમાં 'સ્વ' વિશેનો કેટલો વિચાર, કેટલો રસ છે? એ તરફ આપણું અવધાન હોવું જોઇએ. એ વિશેનું આપણું ધ્યાન હશે તો હકીકત સમજાશે અને આપણામાં નમ્રતા આવશે કદાચિત આપણને આપણી જવાબદારીનું ભાન થશે.

---

કે દેવ, મંગળ કે શુક્રના ગ્રહ પરથી ઉડીને આવતી રકાબી આપણને બચાવશે. ધર્મ નહીં. માન્યતા નહીં કે કોઇ શ્રધ્ધા આ મનને, હૃદયને પૂર્ણપણે શુધ્ધ કરી શકે નહીં જેથી કરીને તમે આ અંધાધૂંધીમાંથી સુંદર, અસાધારણ પ્રેમ અને કરુણાની ભાવના સાથે બહાર આવો.

તેથી આપણે એવું શું કરી શકીએ? સર્વ પ્રથમ આપણે જેને ધર્મ માનીએ છીએ તેનો સંપૂર્ણપણે નકાર કરવો જોઇએ, આજે સમાજનું જે સ્વરૂપ છે તેનો નકાર કરવો જોઇએ. મારા કહેવાનો અર્થ એ છે કે સમાજનું માનસિક બંધારણ છે જેનો આપણે અંશ છીએ. તેને પૂર્ણપણે નકારવી જોઇએ. તમારા મન અને હૃદયથી તેના આધિપત્યનો નકાર કરવો જોઇએ, કઠોરતાપૂર્વક તેના પૂર્ણ માળખાને નકારી કાઢવું જોઇએ, બાહ્યસ્તરે કોઈપણ પ્રકારની મદદ કે આધિપત્ય ને કઠોરતાપૂર્વક બાજુએ કરી દેવી જોઇએ. કૃપા કરી તમે આ સાંભળો. આપણે મદદની અપેક્ષા સેવીએ છીએ કારણ આપણે પીડા ભોગવીએ છીએ. આપણે ગૂંચવાયેલા સંઘર્ષમાં છીએ. આપણને મદદ જોઇએ છે. કોઇ આપણને માર્ગદર્શન કરે, આ અંધકારમાં કોઇ આપણો હાથ ઝાલે. જે આપણને પ્રકાશ તરફ લઇ જાય. આપણે એટલા બધા મૂંઝાયેલા છીએ, આપણે ક્યાં વળવું એની આપણને ખબર નથી. શિક્ષણ, ધર્મ, નેતા, સંતો આ સૌ કોઇ નિષ્ફળ નીવડયા છે. તેમ છતાં, આપણ બીજાના મદદની અપેક્ષા રાખીએ છીએ. કારણકે આપણે એટલા ગૂંચવાયેલા દ્વંદ્વમાં જીવીએ છીએ, દુઃખી છીએ. કદાચ એ કારણે જ તમે અહીં ઉપસ્થિત છો. ક્યાંક કોઇ રીતે સત્યનો પ્રકાશ લાભી જાય. કોઇ રીતે જીવનના સૌંદર્ય પ્રતિ માર્ગ સુઝે. એજ આશાથી તમે અહીં આવ્યા છો.

હવે જો, તમે કૃપા કરી તમારા અંતઃકરણથી (ફક્ત કાનથી નહીં) સ્પષ્ટતાથી સાંભળશો, તો તમે જોશો કે અહીં કોઇ જ પ્રકારની મદદ નથી. વક્તા તમને મદદ કરી શકે નહીં. તે મદદ કરવા માટે નકારે છે. કૃપા કરી તમે આ સમજો. ધીરજપૂર્વક ધીમેથી સાથે ચાલો. તે સમગ્રતાપૂર્વક મદદ કરવાનું નકારે છે.

શું તમે એ ઈચ્છો છો કે ભ્રષ્ટાચાર જળવાય રહે. ભ્રષ્ટાચાર સાથે જીવવું અને તે ભ્રષ્ટાચારમાં જીવવા માટે સુગમતાપૂર્વકની મદદ મળે. તમારી મહત્ત્વાકાંક્ષાને આગળ લઇ જવા, માટે નો તમારો માર્ગ તમારી ઈર્ષા, ધ્રૃષ્ટતા સાથે તમારા દૈનિક જીવનમાં ચાલતો રહે. અહીં તહીં થોડા સુધારાવધારા સાથે. થોડી અધિક શ્રીમંતતા મળે, થોડી કંઇ વિશ્રાંતિ મળે થોડી ખુશી મળે. આ બધા માટે તમને મદદ જોઇએ છે. અને તમે એ જ ચાહો છો. સારી નોકરી, સારી મોટર ગાડી, સારી એવી પ્રતિષ્ઠા અને સ્થાન. ખરેખરમાં, તમને પૂર્ણપણે દુઃખમાંથી મુક્તિ નથી જોઇતી. પ્રેમ અને તેનું સૌંદર્ય શું છે એ શોધવાની તમને દરકાર નથી. તેની ભવ્યતા કેવી છે. સર્જન શું છે એ જાણવાની તમને આકાંક્ષા નથી.

તેથી તમે ખરેખરમાં એ ચાહો છો કે આ વિકૃત દુનિયામાં જીવનની કુરૂપતા સાથે, ક્રુરતા સાથેના તમારા અસ્તિત્વ અને દૈનિક જીવનના ઘર્ષણમાં જીવતા રહેવા માટે, તમને મદદ જોઇએ છે. આ બધું તમે જાણો છો; તમે તેને વળગી રહ્યા છો; એમાં તમે થોડા સુધારા ચાહો છો. જે તમને તમારા ક્ષેત્રમાં રહેવા માટે મદદરૂપ બને. અને તે તમને મહાન લાગે. તે તમારો તારણહાર લાગે છે.

માટે, વક્તા કહે છે કે તે તમને મદદકર્તા નથી. જો તમે વક્તા પાસે મદદની અપેક્ષા રાખતા હોવ તો તમે તે ભૂલ કરો છો. કોઇના દ્વારા મદદ ના મળે, કોઈપણ પ્રકારની મદદ, તમારા સ્વયં માટે આ વાસ્તવિકતાનું આકલન થવું એ ઘણું જ ભયાવહ છે. મનુષ્ય તરીકે તમારે સ્વયં માટે આ વાસ્તવિકતાનું આકલન થવું એ ઘણું જ ભયાવહ છે. મનુષ્ય તરીકે તમારે સ્વયંમાં તમારા પગ પર ઊભા રહેવું જોઇએ. આ ભયાનક સત્યને તમારે સમજવું જોઇએ. ઉપનિષદ નહીં, ગીતા નહીં, નેતા નહીં એવું કંઇજ નથી જે તમને બચાવી શકે; તમારે જ તમારી જાતને બચાવવાની છે. તમને ખબર છે કે આ સત્યનો જ્યારે તમને સાક્ષાત્કાર થશે જે સત્ય છે. એની ખરેખરી અનુભૂતિ થશે, ત્યારે ક્યાં તો તમે ભ્રષ્ટાચારમાં ડૂબી જશો અથવા

સમાજનું જે માનસ છે જે રચના છે તેને ફગાવી દેશો, અને ત્યારે તમે કદી મદદ માટે શોધ કરશો નહીં; કારણકે તમે ત્યારે મુક્ત (સ્વતંત્ર) હશો.

મુક્ત માણસ તે છે જે ભયવાન નથી, જેનું મન સ્પષ્ટ છે, જેનું હૃદય પ્રબળ છે અને ઉર્જામય છે. તે મદદ ચાહતો નથી. તેથી આપણે તમે અને મારે એકાકી અને એકલા કોઇની પણ મદદ વગર ઊભા રહેવું જોઇએ. તમે રાજકીય મદદની અપેક્ષા રાખી, ગુરુ પાસે ધાર્મિક અપેક્ષા રાખી, સામાજિક મદદ દરેક દિશામાં શોધી. તે બધાએ તમને દુભાવ્યા છે, ફસાવ્યા છે. આર્થિક, સામાજિક, સામ્યવાદી એવી અનેક ક્રાંતિ થઇ પણ તે ક્રાંતિ તેનો ઉત્તર નથી. તે તમને મદદ કરી શકે નહીં. તે અધિક ગુલામી અને જુલમ આપશે.

મુંબઇ ૧૯૬૪, ભાષણ ૭

## કોઇનું પણ અનુશરણ કરવું એ સર્વથી મોટી ભ્રષ્ટતા છે

શું ત્યારે મન વાસ્તવિક વસ્તુસ્થિતિનું નિરીક્ષણ કરી શકે? વાસ્તવિકતા એટલે ''જે છે'' એનું. તમારી હિંસા, તમારી આક્રમકતા, તમારી સત્તા, સામર્થ્ય માટેની અપેક્ષા, યશ, સુરક્ષિતતા માટેની ઇચ્છા આ બધું 'જે છે' તે વિચારની કોઇપણ પ્રકારની હાલચાલ વગર તમે તેનું નિરીક્ષણ કરી શકો? વિચાર જે બધ્ધ છે તે જે હકીકત છે. તેમાંથી ભાગી છુટવા માટે સંસ્કારબધ્ધ છે આમાં તમારી શક્તિનો વ્યય થાય છે એ વાતનો સ્વીકાર કરશે? મારે જે કહેવું છે તે સ્પષ્ટ થાય છે? હા? જો સ્પષ્ટ થતું ના હોય તો હું ફરી ફરીને એ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરીશ જ્યાં સુધી તમને સમજાય નહીં કારણ, કૃપા કરીને તેનું નિરીક્ષણ કરો, હું તમારો ગુરુ નથી તેમજ તમે મારા શિષ્ય નથી. ઇશ્વરનો પાડ માનો મે તમે શિષ્ય તરીકે ખપતા નથી, તમે વિચિત્ર કે અબુધ્ધ છો માટે કરીને નહીં. પરંતુ કોઇનું પણ અનુશરણ કરવું એટલે એ સર્વથી મોટી ભ્રષ્ટતા છે. તેમાં પ્રેમ નથી, તેમાં જુદાઇ છે, ઘર્ષણ છે, ક્રુરતા છે. વિચાર અને કર્મમાં આધિપત્યની પરંપરા છે. અહીં આપણે ભેગા મળી ગંભીરતાપૂર્વક આ ગૂંચવણ ભરેલી બાબતને વિચાર વિમર્શ કરી સમજવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. એકલેપણે નહીં, એકત્રપણે જીવન જીવવાનો જે ગૂંચવણ ભરેલો પ્રશ્ન છે તેને ઉકેલવાનો પ્રયત્ન કરી રહ્યા છે. કારણકે આપણે સૌને ભેગા મળી આ યાતનાનું સર્જન કર્યું છે. અને આપણે સાથે મળી એ સમસ્યાને ઉકેલવાની છે તમે કે હું એમ એકલાએ નહીં. જો તમે તમારા નિરીક્ષણમાં સ્પષ્ટ, તર્કબધ્ધ અને ડહાપણ દાખવતા ન હોવ તો એ શક્ય નથી. માટે જ તમારે તમારા પોતાના શિક્ષક થવાનું છે અને શિષ્ય થવાનું છે. આથી જ તમારે કોઇનું અનુશરણ કરવાનું નથી. ત્યારે આ ભારને તેની જવાબદારી તમારી જ હશે. જો તમે તે ભાર વહન કરવા ના ચાહો છતાં પણ તમે ચાહો કે ના ચાહો એ તમારો જ છે. તેમાંથી તમે ભાગી જઇ શકશો નહીં કે તેને ટાળી શકો નહી. આ ભાર તમારો જ છે. જગતમાં બીજું કોઇ નથી વક્તા સહિત જે તમારા ભારને હળવો કરી શકે, ખાસ કરીને વક્તા તમારા ભારને દૂર કરી શકે નહીં. તમારે સ્વયં પોતે જ એનું નિરીક્ષણ કરવાનું છે, તેની તપાસ કરવાની છે. તેનો મનથી જતનપૂર્વક સમજવા માટે, તેનો અંગિકાર કરવાનો છે.

મન જે સંસ્કારબધ્ધ વિચારબધ્ધ છે. તે શક્તિનો વ્યય કરે છે. માટે તે 'જે છે' એનો સામનો કરવામાં અસમર્થ બને છે. 'જે છે' એ વાસ્તવિકતા ને ભેટવા માટે તમારી અંદર પ્રચંડ ઉર્જાની આવશ્યકતા છે. તે પ્રચંડ ઉર્જા 'જે છે' તેની પેલે પાર જઇ શકે પછી તેને ઉકેલી શકે.

મદ્રાસ ૧૯૭૨, ભાષણ ૨

## ભ્રષ્ટાચારની શરુઆત ક્યાંથી થાય છે ?

આ માટે આપણી જાતને પ્રશ્ન પૂછવો જોઇએ કે દુનિયામાં આટલો બધો ભ્રષ્ટાચાર શા કારણે છે? મને ખબર છે કે આ વિષય ઘણો જ ગૂંચવણ ભરેલો છે. દુનિયામાં આટલો બધો ભ્રષ્ટાચાર શા માટે છે? ભ્રષ્ટાચાર એટલે શું? ભ્રષ્ટાચાર (કરપશન) આ શબ્દની વ્યુત્પતિ લેટિન, ગ્રીક અને ઇટાલીઅન ભાષા પ્રમાણે, કરપશન (ભ્રષ્ટાચાર) શબ્દનો અર્થ તોડવું એવો થાય છે? આ બધી બાબતમાં મારે વધું ઊંડા ઉતરવું નથી. ભ્રષ્ટાચારનું મૂળ શું છે? ભ્રષ્ટાચારની શરુઆત ક્યાંથી થાય છે? ટેબલની નીચેથી પૈસા સરકાવવા શું એ ભ્રષ્ટાચાર છે? મોટા માણસની મુલાકાત માટે સિપાઇને પૈસા આપવા તે? હકીકતમાં ભ્રષ્ટાચાર એટલે શું, જે એટલો બધો પ્રચલિત છે. આ દેશમાં અધિક પ્રમાણમાં છે. તમારા પુત્ર, મિત્ર કે ભત્રીજા માટે લાગવગ લગાડવી એ ભ્રષ્ટાચાર છે? કૃપા કરી એ વિચારો એનું અવલોકન કરો, નિશ્ચિતપણે તે ભ્રષ્ટાચારનું ઉપરછલ્લું સ્વરૂપ છે. પરંતુ ભ્રષ્ટાચારના ભયાનક સ્વરૂપના મૂળનું કારણ ઘણું જ ઊંડું અને ગહન છે, જે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. તેનું જ્યારે તમે કોઇ નેતાનું અનુશરણ કરો છો તે ભ્રષ્ટાચાર છે? સજ્જન આગળ વધો અને આ પ્રશ્નનો જવાબ શોધો. જ્યારે તમારા ગુરુનું અનુશરણ કરો છો, ધર્મના નામે એ ભ્રષ્ટાચાર નથી કે પ્રણયમાં કોઇ બાબતમાં અનુશરણ કરવું એ ભ્રષ્ટાચાર નથી? કે પછી તમે કોઇ આદર્શનું અનુકરણ કરો શું તે પણ ભ્રષ્ટાચાર નથી? તમે આ પ્રશ્ન માટે આશ્ચર્ય વ્યક્ત કરશો કે પછી તમને આ બધું ખબર છે. આપણે સાથે મળી એ શોધી કાઢવાનો પ્રયત્ન કરીએ છીએ આની પાછળ કારણ શું છે? જ્યારે આપણામાંથી પ્રત્યેક જણ મહત્ત્વાકાંક્ષી, ઇર્ષાળુ અને દરેક જણ પોતાના જ ભલાનો વિચાર કરતો હોય અને પોતાને ગમતાં માર્ગનો વિચાર કરતો હોય ત્યારે ત્યાં ભ્રષ્ટાચાર નથી હોતો? જ્યારે પોતાનો કક્કો ખરો કરવા માંગતા હોય ત્યાં ભ્રષ્ટાચાર નથી? તમને આ બધું સમજાય છે? હું જે કંઇમાં પણ વિશ્વાસ ધરાવતો હોઉં અને તેમાં સહભાગી થાવ, ત્યારે? બીજો કહે કે હું પણ કંઇક વિરુધ્ધ બાબત પર વિશ્વાસ ધરાવતો હોવ, બરોબર? તે પણ એક ભ્રષ્ટાચાર નથી કે? તમે અવલોકન કરો. તમે એ નહીં સમજી શકો.... માટે જ્યારે દરેક જણ પોતાના વિશે જ ફક્ત વિચાર કરતો હોય ત્યારે ભ્રષ્ટાચારની શરુઆત થાય છે. તેમજ જે કોઇપણ પોતાની ભ્રામક સમજ સાથે વળગેલો હોય છે, કાલ્પનિક આદર્શ અને માન્યતા સાથે દઢતા પૂર્વક બધ્ધ હોય છે ત્યારે ભ્રષ્ટાચાર નથી? આ બધાથી ભ્રષ્ટાચારની શરૂઆત થતી નથી? કેથલિક કોઇક બાબત પ્રત્યે પ્રગાઢ વિશ્વાસ ધરાવતો હોય, બરોબર? કોઇ માન્યતા કે સંકલ્પના કે કંઇક શ્રધ્ધા ધરાવતો હોય અને તમે કોઇ બીજી બાબતમાં શ્રધ્ધા કે વિશ્વાસ ધરાવતા હોય કે ભગવાનમાં એ માટે તમે બન્ને એકબીજા સાથે યુધ્ધ કરવા તૈયાર હોવ, ખરેખરમાં યુધ્ધ નહીં પણ તમારી ભ્રામક મુર્ખતા ભરેલી માન્યતાને કારણે તમે તમારી જાતને બીજાથી અલગ પાડી દો છો. આ બધું તમારા ધ્યાનમાં આવે છે કે નહીં? ભ્રષ્ટાચારની શરુઆત ત્યાંથી થતી નથી? જ્યારે મૂળથી જ ઘણી સુક્ષ્મતાથી પોતાનો જ સ્વાર્થી હોય છે ત્યારે ત્યાં ભ્રષ્ટાચારની શરુઆત થાય છે, નથી થતી?

રાજઘાટ-વારાણસી ૧૯૮૪, ભાષણ ૧

# વૃ|ત્ત|વિ|શે|ષ

## કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇંડિયા વાર્ષિક સંમેલન ૨૦૧૧






દર વર્ષે પ્રમાણે આ વર્ષે પણ ફાઉન્ડેશન દ્વારા વાર્ષિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલન ૧૯મી નવેમ્બરથી ૨૩મી નવેમ્બર, ૨૦૧૧ દરમિયાન સહ્યાદ્રિ સ્કુલના સ્થળે યોજવામાં આવ્યું હતું. લગભગ ૨૦૦ જેટલા જીજ્ઞાસુ લોકો સહભાગી થયા હતા.

સંમેલનનો વિષય હતો *Integrity & Fragmentation in Our Lives.* (આપણા જીવનામાં એકાત્મતા અને વિભક્તતા) આપણા દૈનિક જીવનનું કંટાળાજનક વાતાવરણમાંથી થોડા સમય બહાર આવી સહ્યાદ્રી જેવા અનન્ય એવા કુદરતી વાતાવરણમાં આવી કૃષ્ણમૂર્તિના શિક્ષણમાંથી અધિક કંઇ સમજવાની ઉત્સુકતા લોકોમાં દેખાતી હતી.

સંમેલનની શરૂઆત તા. ૨૦મીની સવારે ૯-૪૫ના સુમારે થઇ. સૌ પ્રથમ કેટલાંક સંસ્કૃત સ્તોત્રનું પઠન કરવામાં આવ્યું. આ રીતનું પઠન સંમેલનમાં ચાર દિવસ દરમિયાન દરરોજ કરવામાં આવતું હતું.

૨૦મી તારીખના પ્રથમ દિવસે સુમારે ૯.૦૦ સવારે પ્રો.પી.કૃષ્ણાનું *Wholeness of Live* (જીવનની સમગ્રતા) એ વિષય પર ચિંતનપૂર્વકનો વાર્તાલાપ થયો. કૃષ્ણમૂર્તિના શિક્ષણના અનુસંધાનમાં સમગ્રતાપૂર્વક જીવન જીવવું એટલે શું એ ઉપર વિવેચન કરવામાં આવ્યું અને ત્યારબાદ પ્રશ્નોત્તર થયા અને સાંજે ૬.૦૦ વાગે *"The Vitality of the Free Mind"* એ વિષય ઉપર કૃષ્ણજીના વાર્તાલાપનો વિડીયો શો રાખવામાં આવ્યો હતો.

બીજે દિવસે સવારે ૯.૦૦ વાગે પ્રા. જી. ગૌતમનો *The Roots of Fragmentation* (જીવનની ખંડિતતાનું મૂળ કારણ) એ વિષય પર વાર્તાલાપ હતો. એ વિષયને તેમણે આપણા દૈનિક જીવનના અનેક ઉદાહરણ લઇ ઘણી જ સ્પષ્ટતાપૂર્વક વાર્તાલાપ આપ્યો. ત્યાં પછી કેટલાંક ઉત્સુક શ્રોતાઓએ પ્રશ્નો પુછયા અને બીજા તેમાં સહભાગી થયા. સાંજ ૬.૦૦ વાગ્યે *What can We do in this world ?* આ વિષય પર કૃષ્ણજીના વાર્તાલાપની વિડીયો બતાવવામાં આવી.

પહેલા બે દિવસ દરમિયાન બપોર ૧૧ - ૧૨.૩૦ દરમિયાન નાના નાના સમૂહમાં લોકોએ અરસપરસ સંવાદ અને વિચાર વિમર્શ કર્યો. આથી દરેક જણને કૃષ્ણમૂર્તિના શિક્ષણને સમજવાનો મોકો પ્રાપ્ત થયો. આ ચર્ચામાં પણ લોકોએ સારો પ્રતિસાદ આપ્યો.

ત્રીજા અને ચોથા દિવસે *Panel Discussions* થઇ પ્રથમ પેનલ ચર્ચાનો વિષય હતો. *On Corrupt Society, Mind & Brain* અને બીજી પેનલનો વિષય હતો: *What is Our Responsibility ?* આ ચર્ચામાં સાચી એવી રંગત જામી હતી. ત્યારબાદ પ્રશ્નાવલી પણ થઇ.

ત્રીજે દિવસ તા. ૨૨મીએ સાંજ ૬.૧૫ વાગે ગાયક શ્રી સંજીવ અભ્યંકરે પોતાની ગાયકીમાં શાસ્ત્રીય સંગીત અને અભંગ ગાઇ લોકોનું મનોરંજન કર્યું.

શ્રોતાઓ તેમની ગાયકીનું મનપૂર્વક અભિવાદન કરી હૃદયપૂર્વક સાંભળ્યું.

છેવટના દિવસે તા. ૨૩મીએ સવારે ૧૧ વાગ્યે ફાઉન્ડેશનના સેક્રેટરી શ્રી એસ.પી. કંદાસ્વામીએ સંમેલનનું સમાપન કર્યું અને લોકોને એ વાતથી વિદિત કર્યા કે અર્વાચીન જીવનમાં કૃષ્ણમૂર્તિનું શિક્ષણ લોકોને સ્વયંના જીવનની વાસ્તવિકતા તરફ ધ્યાન દોરે છે. અને એમનું શિક્ષણ દરેક માનવી સુધી પહોંચે એવું થવું જોઇએ અને એ માટે ફઅઉન્ડેશન મનપૂર્વક પ્રયત્નશીલ છે. તેમના પ્રવચનમાં આ વાત સ્પષ્ટ થતી હતી.

આ સંમેલનમાં દરેક વ્યવસ્થા ઘણી જ કાળજીપૂર્વક કરવામાં આવી હતી. તેમજ જમણ અને નાસ્તામાં પણ વિવિધતા વર્તાતી હતી. ટૂંકમાં આ સંમેલનમાં સહભાગી થયેલ સર્વ કોઇને અનેરા આનંદનો અનુભવ થયો હતો.

---

**બદલાપુર :** બદલાપુર મુંબઇમાં કૃષ્ણમૂર્તિ સેન્ટરમાં ડૉ. પરચુરેના સહવાસમાં આઠ દિવસનું શિબિર યોજવામાં આવ્યું હતું. તેનો ટૂંકમાં અહેવાલ. શિબિરમાં ઘણું કરી વિદેશથી આવેલા શિબિરાર્થી હતા. આ શિબિરમાં નવા આગંતુકોને કૃષ્ણમૂર્તિના શિક્ષણની મૂળભૂત બાબતો સમજવામાં મદદ થઇ એવું લાગતું હતું. તેમજ અનેક વર્ષોથી કૃષ્ણમૂર્તિના બોધનો અભ્યાસુક ક્યાંક અટકી પડયા છે તે શા માટે અટકી પડયા છે એનું નિરીક્ષણ કરવાની સંધી પ્રાપ્ત થઇ એવું લાગ્યું.

વિશ્વની સર્વ માનવજાતિમાં રહેલી ચેતના (Consciousness) એક જ છે. પરંતુ માનવ ઇતિહાસનું કોઇ એક તબક્કે તેનું સ્વરૂપ બદલાયું અને માનવીમાં રહેલી ચેતનાનું હું અને તું વિભાજન થયું. એ વિભાજન કારણ સમાજમાં ચાલી રહેલું ઘર્ષણ અને સમાજમાં રહેલી વિસંવાદીતા છે. કૃષ્ણમૂર્તિના આ મુદ્દાને સ્પષ્ટ કરવામાં આવ્યો. આપણા મનમાં સતત વિચાર ચાલતા હોય છે. અને બધા જ ભ્રમનું કારણ વિચાર જ છે. આ વિચાર સાતત્યનો ભાવ નિર્માણ કરે છે અને ખાલી જગ્યાને ભરી દે છે. આપણા ને વિચાર દેખાય છે પણ કથારે એ મનમાં ખાલી વિચાર વિહીન અવસ્થા દેખાતી નથી. જ્યારે 'હું' ના અસ્તિત્વનો વિચાર નહીં હોય ત્યારે તે વિચારવિહીન અવસ્થાની અનુભૂતિ થાય છે. આ બધું શબ્દોની પેલે પારનું છે. આપણે જો એનું શબ્દીકરણ કર્યા સિવાય નિરખી શકીએ તો તે બીજા સુધી શબ્દો સિવાય કેવી રીતે પહોંચી શકે, એ સમજવાનો પ્રયત્ન થયો. આ શિબિરમાં સહભાગી થયેલા લોકોએ શિબિરના કાર્ય અને વ્યવસ્થામાં પોતાનો સહકાર આપ્યો. આમ શિબિર ઘણી જ ખેલદિલીથી પાર પડયોમાં.

**ભોપાલ :** ૧૯૭૯માં ૮મી જુલાઇએ કૃષ્ણમૂર્તિના વાર્તાલાપની વિડીયો સ્વામી વિવેકાનંદ વાચનાલય, જીટીબી કૉમ્પલેક્ષ, ભોપાલમાં ૧૧ મી ડિસેમ્બર ૨૦૧૧ના દિવસે બતાવવામાં આવી. આ કાર્યક્રમ મધ્યપ્રદેશની સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આયોજીત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત મોટાભાગના લોકો કૃષ્ણમૂર્તિના શિક્ષણથી પરિચિત થયા હતા. કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન કૃષ્ણમૂર્તિના ઘણા પુસ્તકો તેમજ ઑડિયો, વિડીયો ડીવીડી અને સીડી વાચનાલયને ભેટમાં આપ્યા છે. કૃષ્ણજીની વાર્તાલાપની ટેપ્સ અને પુસ્તકોને પ્રભાવિતપણે પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ વાચનાલય ભોપાલ શહેરના મધ્યવર્તી સ્થળે આવેલી છે. આથી તેનો વાચકવર્ગ સારો જેવો મોટો છે. આથી કૃષ્ણમૂર્તિના વિચારો અધિકાધિક લોકો સુધી પહોંચી શકશે, એવી આશા છે.

ઇન્દોર : શ્રી સમીર ગોળવેલકરે ઇન્દોરમાં કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્રની સ્થાપના કરી છે. આથી કૃષ્ણમૂર્તિના શિક્ષણમાં જે કોઇ સ્થાનિક અભ્યાસુ છે તેમને તેનો લાભ મળી શકે અને તેઓ એકત્રિત થઇ શકે. અહીં ડિસેમ્બર ૨૦૧૧માં અનેક અનૌપચારિક અને અભ્યાસપૂર્ણ પરિસંવાદ યોજાયા હતા. આ કેન્દ્રમાં કૃષ્ણમૂર્તિના પુસ્તકો, તેમજ વિડીયો, ડિવીડીને રાખવામાં આવી છે તથા ફાઉન્ડેશન દ્વારા પ્રકાશિત પુસ્તકો વેચાણ તેમજ વાચન માટે રાખવામાં આવ્યા છે.

**ઇન્દોર કેન્દ્રનું સરનામું :**

કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર
૧૬૦, એફ.બી. સેક્ટર, સ્કીમ એફ ૯૪, પિપલીયા હનાની પાસે, ઇન્દોર.
ટે.નં. (૦૭૩૧) ૪૦૪૮૩૭૪
સંપર્ક : સમીર ગોળવેલકર મોબાઇલ : ૯૩૦૩૦૧૪૧૨૧.

**કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈંડિયા,** વસંત વિહાર, ૧૨૪ ગ્રીનવેજ રોડ, ચૈનેઇ ૬૦૦ ૦૨૮. • Email : thestudykfi@yahoo.com • Website: http: www.kfionline.org
કૃષ્ણમૂર્તિના વાર્તાલાપ અને સંવાદોની ડીવીડી તમે ઓર્ડર દ્વારા મંગાવી શકો છો. જેની યાદી વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બેંગળુરૂમાં આયોજીત કાર્યશાળાઃ**

૨૫ - ૨૯ જાન્યુઆરી, ૨૦૧૨ Silence, Stillness, Meditation.
૯ - ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૨ Ending of Conflict.
૮ - ૧૧ માર્ચ, ૨૦૧૨ Freedom, Responsibility & Discipline.
૭ -૧૦ એપ્રિલ, ૨૦૧૨ Karnataka gathering : What is a Religious Mind.
સંપર્ક : ધી સ્ટડી વેલી સ્કુલ કેમ્પસ,૧૭ કિ.મી. કનકપૂરા રોડ, થાતગુણી પોસ્ટ બેંગળુરુ ૫૬૦૦૬૨.
ટે.નં. (૦૮૦) ૨૮૪૩૫૨૪૩. • Email : kfistudy@gmail.com. • Website : www.kfistudy.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર રાજઘાટ-વારાણસી,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા, રાજઘાટ ફોર્ટ વારાણસી ૨૨૧ ૦૦૧
ટેલિફોન નં. (૦૫૪૨) ૨૪૪૧૨૮૯ / ૨૪૪૦૪૫૩. • Email : kcentrevns@gmail.com. • Website : www.j-krishnamurti.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રિ,** પોસ્ટ-તિવઇ હૉલ, તાલિકા ખેડ, (રાજગુરુ નગર), જિ. પૂના ૪૧૦૫૧૩, મહારાષ્ટ્ર
ટે.નં. (૦૨૧૩૫) ૨૮૮૭૭૨, ૨૮૮૩૪૮, ૨૦૩૪૭૫. • Email :kfisahyadri.study@gmail.com • Website : http:/www.kscskfi.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઋષિ વેલી,** જિ. ચિત્તૂર, આંધ્રપ્રદેશ - ૫૧૭૩૫૨.
ટે.નં. (૦૮૫૭૧) ૨૬૦૩૭/૬૮૬૨૨/૬૮૫૮૨. • Email : study@rishivalley.org. • website : http:/www.rishivalley.org.

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઉત્તરકાશી,** પોસ્ટ રાનારી, ડુંડા બ્લોક, જિ. ઉત્તરકાશી ૨૪૯૧૫૧ • Email: krc.himalay@gmail.com.
ટે.નં (૯૪૧૨૪) ૩૬૪૨૯/૯૪૧૫૯ ૮૩૬૯૦. • website : http/www.jkrishnamurtionline.org. (ભારતીય ભાષામાં સંકેત સ્થળ)

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, કોલકત્તા,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા, ૩૦,દેવદાર સ્ટ્રીટ, કોલકત્તા ૭૦૦ ૦૧૯.
ટે.નં. (૦૩૩) ૪૦૦૮૨૩૯૮ • Email: kfikolkata@gmail.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કટક-ઓરિસા કેન્દ્ર,** પૂરીઘાટ રોડ, તેલેંગા બજાર, કટક ૭૫૩૦૦૯, ઓરિસા
ટે.નં. (૦૬૭૧) ૬૪૧૭૯૯૦. • Email: kficuttackcentre@sify.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બદલાપુરઃ**
૧૨ ફેબ્રઆરી, ૨૦૧૨-વાર્ષિક સંમેલન. આનંદવિહાર, જે. કૃષ્ણમૂર્તિ સેલ્ફ એજ્યુકેશન સોસાયટી, જાંભિળઘર, રાહાટોલી ગામની નજીક, બદલાપુર(પ્ર). તા. થાણા, પીનકોડ ૪૨૧૫૦૩, મહારાષ્ટ્ર.
ટે.નં. ૦૮૦૦૭૪૩૯૭૦૨, (૦૨૨) ૨૫૦૧૪૦૯૪, ૨૪૨૨૩૧૯૯. • Email: zilog@vsnl.com

## સ્વાર્થીપણાથી ભ્રષ્ટાચારની શરુઆત થાય છે.

*કૃષ્ણમૂર્તિ :* તમારી જેમ દરેક માનવીમાં કંઇક ક્ષમતા હોય છે, કોઇ પ્રકારની સુપ્ત કલા અને ચતુરાઇ રહેલી હોય છે. તમને સમજાય છે. જેમ કે ચિત્રકલા, વાયોલીન વગાડવાની, વાંસળી વગાડવાની કે એક સારા માણસની સાલસતા હોય છે. આમ માનવીમાં આવી સુપ્ત કલા અવગત હોય છે. બરોબર? પરંતુ તમારો સમાજ, તમારા માબાપ દરેક જણ કહે છે તમે સારા ઉદ્યોગપતિ બનો કે સારા ડૉક્ટર બનો અથવા ઇન્જીનિયર થાવ કે પછી ભારતદેશની સેવા માટે આય.એ.એસ. બનો તેથી તમારું મગજ જે માથાની અંદર છે તે તમે જે સમાજમાં કે ઘરમાં રહો છો તમારા માતાપિતા દ્વારા સંસ્કારિત થઇ બધ્ધ બની જાય છે. આ તમને સમાજય છે?

*વિદ્યાર્થીઃ* હા, સાહેબ.

*કૃ.:* તેથી આવા દબાણને કારણે તમારી અંદર રહેલી ક્ષમતા કે ચાતુર્ય નષ્ટ પામે છે. તમે કદાચ એક મહાન ચિત્રકાર બનો બરોબર? કે પછી મહાન ગાયક બનો. કે પછી તમે અદ્દ્ભુત એવા વનસ્પતિ શાસ્ત્રી બનો, કે ખેતી કામના નિષ્ણાંત બનો, બરોબર? પરંતુ તમારો સમાજ તમારા વાલી કહે છે આ યોગ્ય નથી. તમારે ચોક્કસ સારા એવા વ્યવસાયી, સારા ડૉક્ટર કે પછી આઇ.એ.એસ. ઓફિસર જ થવું જોઇએ, આથી તમારી અંદર રહેલી તમારા સ્વયંની ક્ષમતાનો તમે નાશ કરશો. પરંતુ અગત્યનું એ છે કે તમારે તમારી સ્વયંની બુધ્ધિ, ક્ષમતા અને ચાતુર્યનો ઉપયોગ કરવાનો છે, જેથી તમે તમારા

ચાતુર્ય અને કલાની સાથે આનંદથી જીવન જીવી શકો. હું જે કંઇ કહ્યું છે તે તમને સમજાય છે? પરંતુ તમારામાં રહેલી કલા, ચાતુર્ય ને શોધવી એ કાર્ય અઘરું છે અને તે તમને યશ અપાવશે જ એવું નથી, એની કોઇ નિસ્બત નથી હોતી ત્યારે, તમે સમજયા? અને એમાં તમને વધુ ધન મળે કે નહીં તેની તમને પરવાહ નથી, કારણકે ત્યારે તમારી અંદર જે કંઇ છે એની તમને ભાળ લાગી છે.
*વિ :* હા, સાહેબ.
કૃ : માટે શોધી કાઢો, તમે બધા તમારી અંદર રહેલી કલા અને અને ચાતુર્યને શોધી કાઢો, એવું કંઇક જે તમારું સ્વયંનું હોય, જે શિક્ષણ દ્વારા, તમારા વાલી દ્વારા કે સમાજ દ્વાર લાદવામાં આવ્યું ના હોય, માટે તમારા સ્વયં માટે તમાર અંદર જે કંઇક છે તે શોધી કાઢો. બરોબર?
*વિ :* પરંતુ અમારા માબાપ અમને અમુક જ કરવાનું દબાણ કરે તો.
*કૃ. :* મને ખબર છે કે તમારા માબાપ તમારા પર ઇન્જીનિઅર બનવા માટે દબાણ કરે છે. તમને તેઓ કંઇક જુદા જ બનવા માટે દબાણ કરે છે. જ્યારે તમે યુવાન છો રમત રમતા તેનો સ્વીકાર કરી લેવો છો હું એ સમજું છું, પરંતુ તમે તમારા સ્વગત માટે તમારી અંદર જે છે એને શોધી કાઢો.
*વિ :* સમજો કે તમને કંઇક થઇ જાય તો પછી.
*કૃ :* હું જાણું છું, પણ હું જે કહી રહ્યો છું તે જરા કાળજીથી સાંભળો. કારણકે મારે તમને હજી ઘણું કંઇક કહેવાનું છે, બરોબર?
*વિ :* હા
*કૃ :* તમને કંઇ વાંધો નથી?
*વિ :* નહીં, સાહેબ
*કૃ :* તમે આ સુંદર સૌંદર્ય સભર ઋષિવેલીને છોડીને બહારની દુનિયામાં પ્રવેશ કરવાના છો. અહીંના વિશાળ ડુંગર, વૃક્ષો અને તેના છાયડા આ ફૂલો અને વેલી અને આ શાંત એવું અદ્‌ભુત પરિસર આ બધું જ છોડી તમે ભયાનક એવી દુનિયાની સામે જવાના છો બરોબર? જ્યાં હિંસા, હાડમારી, ભ્રષ્ટાચાર, બાળકોની ચોરીનું વાતાવરણ છે. જગત વધારે ને વધારે ભયાનક થતું જાય છે. ખરું ને?  અને વધારે ભ્રષ્ટ થતું જાય છે. ફક્ત ભારતમાં જ નહીં આખી દુનિયામાં આ બધું થઇ રહ્યું છે, આ બધું ખુલ્લેઆમ થઇ રહ્યું છે. ખુલ્લેઆમ એટલે આપણી આંખો સામે તેઓ કહે છે હું તમારું કામ કરું તમે મને શું આપશો બધે ભ્રષ્ટાચાર આ દેશમાં જ નહીં. અમેરિકા, ઈંગ્લેન્ડ, ફ્રાન્સ જેવા દેશમાં રાજકીય અને સામાજિક ભ્રષ્ટાચાર, કાળાબજાર ચાલી રહ્યો છે. આમ આખા વિશ્વમાં ભયાનક ભ્રષ્ટાચાર છે. આપણે કહીએ છીએ કે ભ્રષ્ટાચાર લાંચ આપવી. ટેબલ નીચેથી પૈસા આપવા કોઈપણ પ્રકારના હિસાબકિતાબ વગર આ બધું ભ્રષ્ટાચાર છે. બરોબરને? પરંતુ આ તો ભ્રષ્ટાચારના લક્ષણો છે, તમને ખબર છે લક્ષણો એટલે શું?
*વિ :* હા, સાહેબ, સંકેત.
*કૃ :* તમને ખબર છે લક્ષણ કે સંકેત એટલે શું? ચિન્હો એટલે દા.ત. આપણે કંઇ વધુ ખાધું હોય અને આપણને પેટમાં દુઃખાવો થાય. એ દુઃખાવો લક્ષણ કે ચિન્હો છે. પરંતુ દુઃખાવાનું કારણ છે મેં ભૂલથી વધુ ખાઇ લીધું છે કે ન ખાવાનું ખાઇ લીધું છે, સમજાયું તમને.
વિ : હા, સાહેબ.
*કૃ :* માટે મારે આ ભ્રષ્ટાચારના કારણોમાં પ્રવેશ કરવાનો છે. આપણે ભ્રષ્ટાચાર કરીએ છીએ. હું આશા રાખું છું કે તમે આ ધ્યાનથી સાંભળો છો. કારણકે તમે આ જગતની સામે જવાના છો. જ્યારે તમે ઋષિવેલી છોડીને જશો.

*વિ :* સર, માની લો કે તમને પૈસા આપવામાં આવે અને તમે તેનો સ્વીકાર નહીં કરો તો તે કદાચ કંઇ ખરાબ કરે. જો તમે પૈસા સ્વીકારો...
*કૃ :* જો હું ટેબલના ટોપ નીચેથી પૈસા આપું તો. હું ભ્રષ્ટ બનીશ.
*વિ :* હા, સાહેબ.
*કૃ :* અને તમે પણ ભ્રષ્ટ થશો કારણકે તમે તે પૈસા ને સ્વીકારો છો. બરોબરને?
*વિ :* જો હું એ પૈસા નહીં સ્વીકારું તો તે કંઇ અહિત કરશે.
*કૃ :* હું જાણું છું, જો તમે તે સ્વીકારો નહીં ને તમને ઈજા પહોંચાડશે. જરા સાંભળો, સમજો, ભ્રષ્ટાચારનું કારણ શું છે. એ તમે સમજ્યા? ફક્ત ટેબલ નીચેથી પૈસા આપવા એટલું જ માત્ર નહીં કે લાંચ આપવી, કાળાબજાર કરવો પણ ભ્રષ્ટાચારનું મૂળ કારણ તો તદ્દન જુદુ જ છે. બરોબર? જો તમને એ જાણવામાં રસ હશે તો હું તેમાં ઊંડો ઉતરીશ. ભ્રષ્ટાચારની શરુઆત સ્વાર્થથી શરુ થાય છે. સ્વના હિત માત્રથી થાય છે. તમે એ સમજો છો?
*વિ :* હા, સાહેબ.
*કૃ :* જો મને ફક્ત મારામાં અને મારે માટે જ રસ હોય, મને જે કંઇ જોઇતું હોય તેમાં, મારે જે કંઇ હોવું જોઇએ એમાં, જો હું લોભી હોઇશ, હું ઈર્ષાળુ, કઠોર, માનવતા વિહીન હોઇશ ત્યારે ત્યાં ભ્રષ્ટાચાર હશે. તમે સમજો છો? ભ્રષ્ટાચાર તમારા હૃદયમાંથી શરુ થાય છે. તમારા મનમાંથી ફક્ત લાંચ આપવી એટલા માત્રથી નહીં તે પણ ભ્રષ્ટાચાર છે. પરંતુ ખરેખરમાં ભ્રષ્ટાચાર તમાર હૃદયમાં મનમાં છે. જ્યાં સુધી તમે તેની શોધ નથી લેતા તેને બદલતા નથી ત્યાં સુધી તમે ભ્રષ્ટ બનીને રહેશો. હું જે કંઇ કહ્યું છું તે તમને સમજાય છે? જ્યારે તમને ગુસ્સો આવે છે. ત્યારે ત્યાં ભ્રષ્ટાચાર હશે. જ્યારે તમે ઈર્ષાળુ હોવ. જ્યારે તમે લોકોનો દ્વેષ કરો. જ્યારે તમે આળસુ બનો છો. જ્યારે તમે કહો છો હું જે કંઇ કહું છું તે બરાબર છે. અને પોતાના મત ને જ વળગી રહેવું ત્યારે ત્યાં ભ્રષ્ટાચાર હોય છે. હું જે કંઇ કહી રહ્યો છું તે તમને સમજાય છે?
*વિ :* સાહેબ, એવું લાગે છે કે દરેક બાબત સ્વાર્થતા સાથે સંબંધિત છે.
*કૃ :* દરેક બાબત સ્વાર્થતતા સાથે સંકળાયેલી છે. તમે તદ્દન ખરા છો. ભ્રષ્ટાચારની શરુઆત ત્યાંથી જ થાય છે. તને સમજાય છે યુવાન બાળક.
*વિ :* હા,
*કૃ :* તેથી ભ્રષ્ટ બનશો નહીં, એ માટે તમારે જીવ ગુમાવવો તો પણ વાંધો નહીં.
વિ : સર...
*કૃ :* થોભો, મને સાંભળો. તમને સમજાયું? આપણે સૌ એટલા ભયભીત બની જઇએ છીએ. તેથી તમે કહેશો કે ત્યારે અમારે જીવવું કેવી રીતે જો અમારી આજુબાજુ બધા ભ્રષ્ટાચારી હોય અને અમે ભ્રષ્ટાચાર નહીં હોઇએ તો? હું ભ્રષ્ટાચારનો જે અર્થ કરું છું તમે તે સમજો છો? ઉપરના સ્તરે બાહ્ય રીતે દેખાતા ભ્રષ્ટાચારના લક્ષણ નહીં, પરંતુ આપણી અંદર ઊંડાણથી રહેલો ભ્રષ્ટાચારની ભાવના, મનુષ્યની સ્વાર્થતા, પોતાના વિશે જ વિચાર કરવો, પોતાના ઈષ્ટ માટેની દોડ, ઈર્ષા તમને સમજાય છે? તેથી ભ્રષ્ટાચાર આપણી અંદર છે. તમારા હૃદયમાં તમારા મનમાં, તમારા મગજમાં, જો તમે તે કાળજીપૂર્વક સમજશો અને ખરેખરમાં તમે એના વિશે ગંભીર હશો અને તે માટે તમારી અંદર નકારાત્મકતા ના હશે, મોટા ભાગના જે પુખ્ત યુવાન છોકરા બની ગયા છે કે જેઓ આ શાળા છોડીને ગયા છે તેઓ નકારાત્મક બની ગયા છે. તેઓ કહે છે જગત જેવું છે તેવું તે જુએ છે અને તેઓ કહે છે અમારે તે સ્વીકારવું

જ રહ્યું. આ એક પ્રકારની નકારાત્મક ભાવના છે. પણ તમે જો ઘણી કાળજીપૂર્વક એને સમજશો અત્યારથી જ કે ભ્રષ્ટાચારનો અર્થ ટેબલ નીચેથી પૈસા સરકાવી લાંચ આપવી એટલું જ નથી, લાંચ બે રૂપિયાની હોય લાખો રૂપિયાની હોય તે ભ્રષ્ટાચાર જ છે. અને હિંસક બનવું એ પણ ભ્રષ્ટાચાર નો જ અંશ છે. દહેશતવાદ અને સર્વ બધુ કંઇ ભ્રષ્ટાચાર જ છે જગભરમાં જે કંઇ ચાલી રહ્યું છે, તે આ જ છે, તે આજ છે. તમે એક પુખ્ત માનવી તરીકે મોટા થઇ રહ્યાં છો. તેઓના જેવા ના થશો. ગુસ્સાવાળા ન થશો. ઈર્ષાળુના થશો હમેશાં સફળતા પાછળ જ દોડશો નહીં.

*વિ :* સાહેબ, આ બધું અમે કેવી રીતે અટકાવી શકીએ? અમે ઈર્ષાળુ થતા કેવી રીતે બચી શકીએ?

*કૃ :* જો તમારે ઈર્ષાળુ થવું હોય તો થાવ અને એમ કરવામાં શું થાય છે એનું નિરીક્ષણ કરો. તમે એ સમજો છો? પરંતુ તમારે ઈર્ષાળુ ના થવું હોય, તો ઈર્ષા કરો નહીં. એમ નહીં પૂછો કે અમારે તે કેવી રીતે થંભાવવું? જ્યારે તમે કંઇક ભયાનક ડર લાગે એવું કંઇ નિહાળો છો ઝેરી સાપ જેવું, ત્યારે તમને તે વખતે કોઇ કહેતું નથી કે ત્યાંથી ભાગી જાવ, બરોબર? તેથી તમે ભ્રષ્ટાચારી બનો નહીં. પ્રથમ ત્યાંથી શરુઆત કરો, ત્યાંથી બહાર નહીં તમને આ સમજાય છે? શું તમે તેમ કરશો? વચન નહીં આપો, જ્યાં સુધી તમે સંપૂર્ણપણે તેમ કરો નહીં ત્યાં સુધી કોઇ વચન નહીં આપો બરોબર? પરંતુ જો તમે એનું નિરીક્ષણ કરો અને એ કેટલું બધું મહત્ત્વનું છે. જીવનમાં કારણકે તમે હવે મોટા થઇ રહ્યા છો, આ ભયાનક દુનિયામાં મોટા થઇ રહ્યા છો, ભ્રષ્ટ એવી ગાંડી દુનિયામાં તમે સમજો છો? રાજકીય દુનિયામાં, ધાર્મિક જગતમાં કોઇ સમજ કે ડહાપણ નથી. બરોબર તે જ પ્રમાણે આર્થિક દુનિયામાં અહીં કયાંયે ડહાપણ જેવું કંઇ નથી.

તેથી કૃપા કરી, હું તો તમારું ધ્યાન દોરું છું તમે પુખ્ત હોવ કે આ સુંદર વાતાવરણ ને છોડી ને જશો, અથવા હજુ બે ચાર વર્ષ અહીં રહેશો. ભ્રષ્ટ થશો નહીં, ભીતરથી ગૌરવ અને પ્રતિષ્ઠા પાછળ દોડો નહીં. એવું કદી બોલો નહીં કે હું અન્ય કરતા વધારે આગળ છું કે, ઉમદા છું. તમને ખબર છે જ્યારે તમારી અંદર વિનમ્રતા હોય છે ત્યારે તમે ઘણું શીખી શકો છો. તમે નમ્રતા શબ્દને જાણો છો? જો ખરેખરમાં તમે નમ્ર હશો તો તમે ઘણું બધું શીખી શકશો. પણ તમે ફક્ત સફળતા જ ઝંખતા હોવ પૈસો, પૈસો અને પૈસો અને શક્તિ, પ્રતિષ્ઠા, સ્થાનને જ શોધતા હોવ, ત્યારે તમે ભ્રષ્ટાચારથી શરુઆત કરો છો. કદાચ તમે ગરીબ હોવ, ગરીબ રહો, કોણ તેની પરવાહ છે. માટે જ તમારા માટે એ ઘણું અગત્યનું છે તમારા સૌને માટે તમારી પોતાની કલા, તમારી અંદર રહેવા ચાતુર્ય ને શોધી કાઢો અને તેને વળગી રહો ભલે પછી તમને સિધ્ધિ કે સફળતા કે કીર્તિ નહીં મળે, આ બધું ખરેખર નકામુ અને અર્થહીન છે. કારણકે આપણે બધા એક દિવસ મૃત્યુ પામવાના છે. તે તમે સમજો છો? યુવા બાળકો, જ્યારે તમે જીવી રહ્યા છો ત્યારે જીવો, જે કંઇ ગાંડપણ જગતમાં ચાલી રહ્યું છે, તેની સાથે નહીં.

*વિ :* સાહેબ, લોકોને આ કેમ સમજાતું નથી?

*કૃ :* કારણકે તેઓ વિચારતા નથી, તેમને તે જણાતુ નથી. તેઓ હમેશાં ફક્ત પોતાનો જ વિચાર કરે, પોતાની નોકરી, ધંધો અને વ્યવસ્થાનો વિચાર, તમને એ સમજાય છે? તેઓને આ બધામાં રસ નથી, પરંતુ તમને જો હોય...

ઋષીવેલી શાળામાં વિદ્યાર્થી સાથેના ત્રીજા સંવાદ
૨૦ ડિસેમ્બર, ૧૯૮૪.

# તુલના અને અનુકરણ મનને ભ્રષ્ટ કરે છે

**અ**મે અનેક વખત એક બાબતનું આ પત્ર દ્વારા નિર્દેશન કર્યું છે કે આ શાળાનો મૂળ હેતુ મનુષ્યમાં આમુલ પરિવર્તન લાવવાનો છે. અને તે માટે તેનું અસ્તિત્વ છે. માટે શિક્ષક એને માટે સંપૂર્ણ જવાબદાર છે. જો શિક્ષકમાં કેન્દ્રમાં રહેલા આ ઘટકનું અવધાન ના હશે, તો તે વિદ્યાર્થીને ફક્ત એક ધંધાદારી, એક ઇન્જીનીઅર, વકીલ કે રાજકારણી બનવાનું શિક્ષણ આપશે. અહીં આગળ ઘણા બધા એવા છે જે સ્વયંમાં અને સમાજમાં પરિવર્તન લાવવા માટે અસમર્થ છે. કદાચિત અત્યારના સમાજના માળખામાં ધંધાદારી વકીલની આવશ્યકતા વધુ હશે. પરંતુ આ શાળા જ્યારે અસ્તિત્વમાં આવી ત્યારથી મનુષ્યમાં આમુલગ્રા પરિવર્તન લાવવાનો ઉદેશ હતો. અને અત્યારે પણ એજ ઉદ્દેશ છે. શાળાના શિક્ષકોએ ખરેખરમાં આ સમજવું જોઇએ. બૌધ્ધિક કે કલ્પનાના સ્તરે નહીં. પરંતુ તેમના સંપૂર્ણ અસ્તિત્વ સહિત તેના ગર્ભિત અર્થનું નિરીક્ષણ કરી સમજવું જોઇએ. આપણને નિસબત છે તે માનવીના સંપૂર્ણ વિકાસ સાથે. ફક્ત જ્ઞાન સંપાદન કરવા સાથે નહીં.

કલ્પના અને આદર્શ એ એક જુદી બાબત છે. અને જે વાસ્તવમાં ઘટી રહ્યું છે એ બીજી બાબત છે. કલ્પના અને વાસત્વિકતા કદી પણ એકત્ર રહી શકે નહીં. આદર્શ સત્ય પર લાદવામાં આવે છે, અને જે હોવું જોઇએ એવી અપેક્ષા સાથે સત્યને મારીમરોડી બંધબેસતું કરવામાં આવે છે. આદર્શનું જગ જે કંઇ ઘટિત થાય છે એમાંથી નિષ્કર્ષ કાઢીને જે હકીકત છે એનો ભોગ આપીને માન્યતા પ્રાપ્ત આદર્શને ઘડવામા આવે છે. હજાએ વર્ષોથી આ પ્રક્રિયા ચાલતી આવે છે. અને દરેક વિદ્યાર્થી અને બધા બુધ્ધિમાન વિદ્વાન એ રંગે રંગાય જાય છે. હકીકત અને વાસ્તવિકતાના નકારથી જ મનમાં ભ્રષ્ટાચારની શરુઆત થાય છે. આ ભ્રષ્ટાચાર ધર્મ, રાજકરણ અને શિક્ષણના ક્ષેત્રમાં અને માનવીય સંબંધમાં પ્રવર્તે છે. હકીકત તરફ દૂરલક્ષ કરી તેનાથી દૂર જવાની પ્રક્રિયાને સમજવી એની સાથે અમને સંબંધ છે.

આદર્શ એ મનને ભ્રષ્ટ કરે છે. આદર્શનો ઉદ્‌ગમ કલ્પના, મંતવ્ય અને અપેક્ષામાંથી થાય છે. કલ્પના એ 'જે છે' એનું કાલ્પનિક રૂપાંતર છે હકીકતમાં જે કંઇ ઘટિત થાય છે. તેને વિકૃત કરવામાં આવે છે અને પછી તેમાં ભ્રષ્ટાચાર પ્રવેશે છે. તે સત્ય અને 'જે છે' એમાંથી તમારું ધ્યાન બીજી તરફ દોરવે છે. અને રમ્યકલ્પના તરફ તેમને વાળે છે. સત્યથી દૂર લઇ જતી આ ગતિ પ્રતિક અને પ્રતિમાનું નિર્માણ કરે છે અને પછી તે સર્વવ્યાપી મહત્ત્વ ધારણ કરે છે. સત્યથી દૂર લઇ જતી આ ગતિ મનની ભ્રષ્ટતા છે. માનવમાત્ર આ ગતિમાં શામિલ છે. તેમની બોલચાલમાં, તેના સંબંધમાં. તેઓ જે કંઇ કરે છે તે બધામાં એનું અસ્તિત્વ દેખાય છે. સત્યને તુરંત કલ્પના કે નિષ્કર્ષમાં ફેરવી નાખવામાં આવે છે. અને આપણને પ્રતિભાવની દિશા આપે છે. જ્યારે એકાદી બાબત જોવામાં આવે કે વિચાર તરત જ તેનું પ્રતિસ્વરૂપ નિર્માણ કરે છે અને તે સત્ય બની જાય છે. તમે એક કૂતરાને જુઓ અને તરત જ તમારો વિચાર તમારી અંદર રહેલી કૂતરાની પ્રતિમા તરફ વળે છે. આથી તમે વાસ્તવમાં કૂતરાને નિરખતા નથી.

વિદ્યાર્થીને સત્ય કે હકીકત સાથે રહેતા જે ખરેખરમાં ઘટિત થાય છે તેની સાથે રહેવાનું શીખવી શકાય? ભલે તે હકીકત બાહ્ય કે માનસિક સ્તરે હોય? જ્ઞાન એ સત્ય નથી; પરંતુ જ્ઞાન સત્ય વિશેનું હોય છે. અને તેનું પણ યોગ્ય સ્થાન છે, જ્ઞાન જે વાસ્તવિકતા છે, એને સમજવા માટે અવરોધક છે. પછી ભ્રષ્ટાચાર શરુ થાય છે.

આ સમજવું ખરેખરમાં ઘણું જ અગત્યનું છે. આદર્શને મહાન સમજવામાં આવે છે. ઉદાત્ત મહત્વનો ગહન મર્મ ધરાવતો માનવામાં આવે છે. અને હકીકતમાં જે ઘટિત થાય છે તેને દુન્યવી, ભોગ્ય અને નીચલા દર્જાનું સમજવામાં આવે છે. જગભરની શાળા પાસે મહાન આદર્શ અને ખાસ હેતુ હોય છે. આથી તેઓ વિદ્યાર્થીને ભ્રષ્ટાચારનું શિક્ષણ આપે છે.

મનને ભ્રષ્ટ શું બનાવે છે? આપણે મન શબ્દનો ઉપયોગ એ અર્થમાં કરીએ છીએ કે જેની અંદર જ્ઞાનેન્દ્રિય, વિચાર શક્તિ, તેમજ સ્મૃતિ અને અનુભવને જ્ઞાન સ્વરૂપમાં સંગ્રહ કરનાર મગજ છે. આપણી સમગ્ર ગતિ એ મન છે જે ચેતન તેમજ અચેતન અને આલૌકિક ચેતના કહેવામાં આવે છે તે બધું આ મન છે. આપણે એ પ્રશ્ન પૂછી રહ્યા છીએ કે આ બધામાં ભ્રષ્ટાચારનું બીજ અને ઘટક શું છે? આપણે કહ્યું કે આદર્શ ભ્રષ્ટ કરે છે. જ્ઞાન પણ મનને ભ્રષ્ટ કરે છે. વિશિષ્ટ જ્ઞાન કે બૃહદ જ્ઞાન જે ભૂતકાળની ગતિ છે. અને ભૂતકાળ જ્યારે વાસ્તવિક છે. એના ઉપર પોતાનો છાયો પાથરે છે ત્યારે ભ્રષ્ટાચાર શરુ થાય છે. જ્ઞાન, જ્યારે ભવિષ્યનું પ્રક્ષેપણ કરે છે, અને અત્યારે જે ઘટિત થઇ રહ્યું છે તે વર્તમાન પર પોતાનો પ્રભાવ પાડે છે. ત્યાં ભ્રષ્ટાચાર ઘટિત થાય છે. આપણે ભ્રષ્ટાચાર *(Corruption)* શબ્દનો ઉપયોગ કરીએ છીએ જેના ખરો અર્થ એ છે કે ખંડિત થયેલું છે. સત્યને જ્ઞાન દ્વારા મર્યાદિત કરી શકાય નહીં. સત્યની પરિપૂર્ણતા અનંતના દ્વારને ખોલી નાંખે છે. જે પરિપૂર્ણ છે એનું વિભાજન થઇ શકે નહીં. તે સ્વયંથી વિસંગત નથી. તે સ્વયંનું વિભાજન કરી શકે નહીં. પરિપૂર્ણતા એ અનંતની ગતિ છે.

અનુકરણ, અનુસરણ, અનુવર્તન એ મનના ભ્રષ્ટાચારનું મોટું કારણ છે. દા.ત. તેના ગુરુ, તારણહાર નાશ કરતા ભ્રષ્ટાચારના ઘટક છે. અનુયાયી થવું, આજ્ઞાપાલક થવું, સહમતિ દર્શાવવી એ મુક્તિને નકારે છે. મુક્તિ (સ્વતંત્રતા) શરુઆતમાં હોય છે અંતમાં નથી હોતી. એવું નથી કે પહેલા સહમત થવું, અનુકરણ કરવું, સ્વીકારવું અને કાળાંતરે મુક્તિ મળશે. એમાં આધિપત્ય ભાવનાં સમાવિષ્ટ છે. પછી તે ગુરુ કે પાદરીની હોય. આ એક પ્રકારે ક્રૂરતા અને કઠોરતા છે.

માટે આધિપત્ય એ ભ્રષ્ટાચાર છે. આધિપત્ય એકાત્મતા, અખંડતા પૂર્ણતાને ખંડિત કરે છે. તે આધિપત્ય શાળાના શિક્ષકનું હોય કે કોઇ સંસ્થાનું હોય, કોઇ ઉદેશનું કે આદર્શનું આધિપત્ય હોય. કે કોઇ એમ કહે કે હું જાણું છું એવું કહેનારનું આધિપત્ય હોય કોઇપણ સ્વરૂપમાં અધિકારનું દબાણ એ ભ્રષ્ટાચારને વિકૃત કરતું ઘટક છે. આધિપત્ય કે અધિકાર એ મુક્તતા (સ્વતંત્રતા)નો નકાર છે. અધિકારના ભ્રષ્ટ પ્રભાવ માં પાડયા વગર સૂચન કરવું. મુદાને સમજાવવો અને જાણકારી આપવી એ સાચા શિક્ષકનું કાર્ય છે.

તુલનાનો અધિકાર નાશ નોતરે છે. જ્યારે એક વિદ્યાર્થીની તુલના બીજા વિદ્યાર્થી સાથે કરવામાં આવે છે. ત્યારે બન્ને વિદ્યાર્થીને દુઃખી કરીએ છીએ તુલના સિવાય જીવવું એટલે એકાત્મતા સાથે જીવવું. તમે એક શિક્ષક આ કરશો કે?

*શાળાઓને પત્રો*
૧ ફેબ્રુઆરી, ૧૯૭૯

કૃષ્ણમૂર્તિવિષયા માટે કઈ વેબઈસાઈટસ્:

http://jkrishnamurti.org
www.kfionline.org
www.kfoundation.org
www.kfa.org
www.kinfonet.org

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા કેન્દ્ર હિંમત નિવાસ, મલબાર હિલમાં છે. અહીં કૃષ્ણજી ના બધા પુસ્તકો, ડીવ્હીડી ઉપલબ્ધ છે. બાલ આનંદ-બાલવિકાસ કેન્દ્ર, મુંબઈ સ્થિત આ કેન્દ્ર સાથે સલગ્ન છે.

કેન્દ્ર તરફથી વખતો વખત કૃષ્ણમૂર્તિના શિક્ષણના અનુસંધાનમાં જીવનનો ગહનતાપૂર્વક અભ્યાસ કરનાર વિચારવંતોના પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. હર શનિવાર અને રવિવારે કૃષ્ણજીના વાર્તાલાપ અને સંવાદોની વ્હીડીયો નો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તેમજ દર ગુરૂવારે સમુહ વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યુ છે.

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈંડિયા.
વસંત વિહાર, ૧૨૪ ગ્રીનવેજ રોડ, ચૈનેઇ ૬૦૦ ૦૨૮.
દૂરધ્વની : (૦૪૪) ૨૪૯૩ ૭૮૦૩/૭૫૯૬
Email : kfihq@md2.vsnl.net.in
Website: http: www.kfionline.org

સંપર્ક : કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા
બોમ્બે એક્ઝીક્યુટીવ કમિટી, હિંમત નિવાસ,
૩૧, ડોંગરસી રોડ, મલબાર હિલ,
મુંબઈ - ૪૦૦૦૦૬
દૂરધ્વની : ૨૩૬૩૩૮૫૬
ઈમેલ : kfimumbai@gmail.com

અતંરમેળ આ વૃત્તપત્રિકા દર ચાર મહિને પ્રસિધ્ધ થતી પત્રિકા છે. કૃષ્ણજીના શિક્ષણના અભ્યાસ કરવા ઈચ્છીત વ્યક્તિ માટે કૃષ્ણજીના સાહિત્ય નો ગુજરાતી અનુવાદ, તેમના શિક્ષણને લગતા લેખ, સંસ્થાના કાર્યક્રમ તેજ અભ્યાસકેન્દ્રની તેમજ પુસ્તક વગેરેની માહિતી આ પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવશે. આપને આ પત્રિકા આપના સરનામે મળે એવી ઈચ્છા હોય તો અમારા મુંબઈ કેન્દ્ર ના સરનામા પર પત્ર દ્વારા કે ઈમેલદ્વારા બબર કરવી. કૃપા કરી તમારુ સંપૂર્ણ નામ, સરનામું, ફોન નંબર અને ઈમેલ હોય તો તે જાણાવશા.

*Published in January, May, September*

Periodical

*Registered with The Registrar of Newspapers for India under No. MAHGUJ/2008/25168*

*If undelivered please return to :*
**Krishnamurti Foundation India**
Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road,
Malabar Hill, Mumbai - 400 006.
Tel.: (022) 2363 3856 Email : kfimumbai@gmail.com
Websites : www.kfionline.org, www.jkrishnamurti.org

*Published by P.V. Dabholkar on behalf of Krishnamurti Foundation India, Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road, Malabar Hill, Mumbai-400 006.*
*Printed by S.V. Limaye at India Printing Works, 42, G.D. Ambekar Marg, Wadala, Mumbai - 400 031. E-mail : ipw@vsnl.net ● Editor : Vasanti Padte*
*Designed by Eurythmic Designs, Rite-Print-Pak, Mumbai- 400 013. E-mail : info@Eurythmicdesigns.com*